સાણંદ

# નગરવાણી

નગરવિકાસમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરતું સામયિક વર્ષ-૨, અંક-૮, સળંગ અંક-૧૫ ઓગસ્ટ, ૨૦૦૫

**આપણું નગર**

## નગરની વસ્તી વિશેનું ચિત્ર

સાણંદ નગરની વસ્તી વિશેનું ચિત્ર અહીં આપવામાં આવ્યું છે:

**(૧) વસ્તી વૃદ્ધિ દર:** સાણંદ નગરમાં એક દાયકા દરમ્યાન દર વર્ષે કેટલા દરે વસ્તી વધી તે આ સાથેના એક કોઠામાં જણાવવામાં આવ્યું છે. ૧૯૦૧-૧૯૧૧ના દાયકા દરમ્યાન વસ્તી વધવાને બદલે ઘટી હતી. પણ તે પછી ૧૯૨૧-૩૧ના દાયકાને બાદ કરીએ તો દર દાયકે વસ્તી વૃદ્ધિનો દર વધતો ગયો હતો. આ વલણ ૧૯૫૧-૬૧ના દાયકા સુધી ચાલુ રહ્યું હતું. પરંતુ તે પછી વસ્તી વૃદ્ધિનો દર સતત ઘટતો જ ગયો હતો. હવે ૧૯૯૧-૨૦૦૧ના દાયકા દરમ્યાન વસ્તી વૃદ્ધિનો દર વધ્યો છે તે જોઈ શકાય છે.

**(૨) વસ્તીની ગીચતા:** વસ્તીની ગીચતા એટલે એક ચો.કિ.મી. દીઠ કેટલા લોકો રહે છે તે. આ પ્રમાણ સતત વધતું જાય છે તે જોઈ શકાય છે. છેલ્લાં ૫૦ વર્ષમાં સાણંદ નગરમાં વસ્તીની ગીચતા લગભગ સાડા ત્રણ ગણી થઈ ગઈ છે તે જોઈ શકાય છે.

**(૩) બાળકોની વસ્તી:** ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે સાણંદ નગરમાં ૭ વર્ષથી નીચેની વયનાં બાળકોની સંખ્યા નગરની કુલ વસ્તીમાં ૧૫.૧૭ ટકા જેટલી હતી.

**(૪) એસ.સી. અને એસ.ટી.ની વસ્તી:** ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે સાણંદ નગરમાં કુલ વસ્તીમાં ૧૩.૩૧ ટકા વસ્તી અનુસૂચિત જાતિઓ (એસસી) અને અનુસૂચિત જનજાતિઓ (એસટી)ની હતી. તેમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૦.૦૯ ટકા અને અનુસૂચિત જાતિઓની વસ્તીનું પ્રમાણ ૧૩.૨૨ ટકા હતું.

**(૫) સ્ત્રી-પુરુષ પ્રમાણ:** સાણંદ નગરમાં ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે સ્ત્રી-પુરુષ પ્રમાણ ૮૮૩ હતું. એટલે કે નગરમાં દર હજાર પુરુષે ૮૮૩ સ્ત્રીઓ હતી.

**(૬) સાક્ષરતા દર:** ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે સાણંદમાં સાક્ષરતા દર ૮૨.૭૪ ટકા હતો. જો કે, પુરુષોમાં તે ૯૦.૫૦ ટકા હતો, અને સ્ત્રીઓમાં તે ૭૪.૦૬ ટકા હતો.

**(૭) ઝૂંપડપટ્ટી:** સાણંદ નગરમાં કુલ વસ્તીમાં ૧૦.૯૧ ટકા વસ્તી શહેરની વિવિધ ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. તેમાંથી પાણીનું જોડાણ ધરાવતાં ઘર ૨૬.૯૦ ટકા છે, જાજરૂ ધરાવતાં ઘર માત્ર ૨ ટકા છે. દર ૮૮ વ્યક્તિએ ઝૂંપડપટ્ટીઓમાં એક જાહેર નળ છે, પણ વીજળીનું જોડાણ ધરાવતાં ઘરો ૮૦.૨૯ ટકા છે.

| સાણંદનો વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર | |
|---|---|
| ૧૯૦૧-૧૯૧૧ | -૦.૪૭ |
| ૧૯૧૧-૧૯૨૧ | ૦.૭૩ |
| ૧૯૨૧-૧૯૩૧ | ૦.૫૦ |
| ૧૯૩૧-૧૯૪૧ | ૧.૭૮ |
| ૧૯૪૧-૧૯૫૧ | ૧.૯૮ |
| ૧૯૫૧-૧૯૬૧ | ૩.૦૩ |
| ૧૯૬૧-૧૯૭૧ | ૨.૮૬ |
| ૧૯૭૧-૧૯૮૧ | ૧.૭૦ |
| ૧૯૮૧-૧૯૯૧ | ૧.૩૪ |
| ૧૯૯૧-૨૦૦૧ | ૨.૩૪ |

**વસ્તીની ગીચતા**

| વર્ષ | ચો.કિ.મી. દીઠ જનસંખ્યા |
|---|---|
| ૧૯૫૧ | ૨૬૩ |
| ૧૯૬૧ | ૧૧૦૯૭ |
| ૧૯૭૧ | ૪૭૦ |
| ૧૯૮૧ | ૫૫૬ |
| ૧૯૯૧ | ૬૩૫ |
| ૨૦૦૧ | ૮૦૦ |

**પાલિકાની પગદંડીએ**

## મહિલાઓ માટે ભરતકામની કિટનું વિતરણ

જિલ્લા શહેરી વિકાસ એજન્સી દ્વારા ગરીબીની રેખા નીચે જીવતી મહિલાઓને ભરતકામ અને ઈન્ટરલોક અંગેના તાલીમ વર્ગમાં તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ પૂર્ણ થયા પછી તાલીમાર્થી બહેનોને એક કિટ આપવામાં આવી હતી. આ કિટમાં એટેચી, કાતર, સોય, બટન અને ઈન્ટરલોકનાં સાધનો આપવામાં આવ્યાં હતાં. આ સાથે તાલીમાર્થી બહેનોને એક પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શ્રી ભીખાભાઈ પટેલ, નગરપાલિકાના મુખ્ય અધિકારી શ્રી બી. એમ. ઉપાધ્યાય અને એનાર્ડે ફાઉન્ડેશનનાં શ્રીમતી તરુલતાબહેન વાણિયા વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. આ તાલીમનો ઉદ્દેશ ગરીબીની રેખા નીચે જીવતી મહિલાઓને સ્વરોજગારી માટે તાલીમ આપવાનો હતો. તેથી આ બહેનોને રોજગારી માટે બેંકોની લોન કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તેમ છે તેને વિશેની માહિતી પણ આપવામાં આવી હતી.

## સફાઈ કામદારો માટે સવલતો

સાણંદ નગરપાલિકા દ્વારા નગરપાલિકાના સફાઈ કામદારો માટે ગણવેશનું વિતરણ ઓગસ્ટ-૨૦૦૫ દરમ્યાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, જે કાયમી સફાઈ કામદારોનું નોકરીના સમયગાળા દરમ્યાન અવસાન નીપજ્યું હતું એવા સફાઈ કામદારોના વારસોમાંથી પાંચ જણાને નગરપાલિકાએ રોજમદાર તરીકે નિમણૂક આપી છે. વળી, નગરપાલિકાએ સફાઈકામ માટે કોન્ટ્રેક્ટ આપવાની પ્રથા હાલ પૂરતી સ્થગિત કરી દીધી છે. આ પ્રથા બંધ કરવા માટે સફાઈ કામદારોએ અગાઉ પાલિકા સમક્ષ માગણીઓ કરી હતી.

## જનસેવા કેન્દ્ર માટે બાંધકામ શરૂ

હવે સાણંદ નગરપાલિકામાં ઈ-ગવર્નન્સની શરૂઆત થવાની તૈયારીમાં છે. સાણંદ નગરપાલિકાનું ઘણું બધું કામકાજ કોમ્પ્યુટર મારફતે થાય તે માટે પ્રયાસો શરૂ થઈ ચૂક્યા છે. આ માટે જનસેવા કેન્દ્ર નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવનારું છે. જનસેવા કેન્દ્રનું બાંધકામ તાજેતરમાં શરૂ કરવામાં આવ્યું છે.

નગરપાલિકાની કચેરીની સામે કન્યા શાળાની બાજુમાં આ જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવશે. આ કેન્દ્રની સ્થાપના કરવા પાછળનો ઈરાદો એ છે કે નગરપાલિકા અંગેની સંપૂર્ણ માહિતી તથા સાણંદ નગર વિશેની સંપૂર્ણ માહિતી કોમ્પ્યુટરમાં રાખવામાં આવે. ઉપરાંત, સાણંદ નગરપાલિકા પાસેથી જરૂરી એવાં પ્રમાણપત્રો નાગરિકોને કોમ્પ્યુટર પદ્ધતિ મારફતે કાઢી આપવામાં આવશે. જેમ કે, જન્મનું પ્રમાણપત્ર, મરણનું પ્રમાણપત્ર તથા અન્ય પ્રમાણપત્રો કોમ્પ્યુટર પદ્ધતિ મારફતે નાગરિકોને પ્રાપ્ત થઈ શકશે. જનસેવા કેન્દ્રનો હેતુ એ છે કે નગરપાલિકાના તમામ કાર્યો વિશેની માહિતી અને નાગરિકો સાથેનું નગરપાલિકાનું કામકાજ વધારે સ્વચ્છ, સુઘડ અને ઝડપી રીતે થાય. આશરે એકાદ વર્ષમાં આ કેન્દ્ર કામ કરતું થઈ જાય એવી શક્યતાઓ છે.

**નગરી નગરી દ્વારે દ્વારે**

## સફાઈ કામદારોની માગણી

સાણંદની ઋષિ હાઉસિંગ સોસાયટીના રહીશ કાન્તિભાઈ ચૌહાણે નગરપાલિકાના પ્રમુખને તા.૨૧.૭.૦૫ના રોજ એક પત્ર લખીને સફાઈ કામદારોના પ્રશ્નોને અંગે નીચે મુજબની માગણીઓ રજૂ કરી છે. આ માગણીઓને ગુજરાત રાજ્ય સફાઈ કામદાર સંઘે પણ ટેકો આપ્યો છે. સંઘના પ્રમુખશ્રી દિલીપભાઈ એમ. ચૌહાણે પણ નગરપાલિકાના પ્રમુખને એક પત્ર લખીને આ માગણીઓને ટેકો આપ્યો છે. આ માગણીઓ નીચે મુજબ છે:

(૧) જે સફાઈ કામદારોનાં અવસાન નીપજ્યાં છે તેમના વારસદારોને નોકરી આપવી.

(૨) ગુજરાતની વડી અદાલતે ૯-૧૮-૨૭ના સ્કેલ પ્રમાણે કર્મચારીને લાભ આપવા જે આપ્યો છે તેનો અમલ સફાઈ કામદારો માટે પણ કરવો.

(૩) સફાઈ કામદારોને નગરપાલિકા દ્વારા દર વર્ષે કપડાં અને બૂટ-ચંપલ આપવામાં થતો વિલંબ ટાળવો. આ વિલંબ થવાથી કામદારોના આરોગ્યને નુકસાન પહોંચવાની શક્યતાઓ રહે છે.

(૪) નિવૃત્ત થતા સફાઈ કામદારોને રજાનો પગાર, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી, પેન્શન વગેરેના લાભ સાણંદ નગરપાલિકા દ્વારા આપવામાં થતો વિલંબ ટાળવો અને એ લાભો એક મહિનામાં આપી દેવા.

(૫) સફાઈની કામગીરી કરતા નગરપાલિકાના રોજમદાર કામદારોને કાયમી કરવા.

(૬) જો કામદાર નોકરી દરમ્યાન આરોગ્ય બગડવાને લીધે કામ કરવા અશક્ત બને તો તેના વારસદારને નોકરીએ રાખવા જોઈએ.

(૭) સફાઈ કામદારો માટે ગંદા વસવાટ નાબૂદી યોજના હેઠળ મકાનો બાંધવાં.

(૮) વસ્તી વધી છે અને વિસ્તાર વધ્યો છે. તેથી વધુ સફાઈ કામદારોની ભરતી કરવી.

(૯) પગારની તથા પ્રોવિડંટ ફંડના વાર્ષિક હિસાબો દર્શાવતી સ્લિપો આપવી.

(૧૦) મુકાદમની ભરતી કરવી.

(૧૧) નગરપાલિકાએ સફાઈની કામગીરી કોઈને કોન્ટ્રેક્ટ પર સોંપવી નહિ.

## વૉર્ડ બેઠકો

'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા દર મહિને નગરપાલિકાના જુદા જુદા વૉર્ડ વિસ્તારોમાં નાગરિકોની બેઠકો યોજવામાં આવે છે. ઓગસ્ટ-૨૦૦૫ દરમ્યાન સાણંદ નગરપાલિકાના વિસ્તારમાં જે જુદી જુદી વૉર્ડ બેઠકો યોજવામાં આવી તેનો અહેવાલ નીચે મુજબ છે:

### ભવાનીનગર

વૉર્ડ નં-૨માં ભવાનીનગર વિસ્તારની વૉર્ડ બેઠક તા.૨૪.૮.૨૦૦૫ને બુધવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે મળી હતી. તેમાં ૫ સ્ત્રીઓ સહિત ૧૫ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં પાણી, રસ્તા અને વીજળીની સમસ્યાઓ અંગે ચર્ચા થઈ હતી. વીજળી માટે થાંભલા અને તાર નાખવામાં આવ્યા હતા પરંતુ લાઈટો નાખવામાં આવી નહોતી. નાગરિકોએ નગરપાલિકામાં રજૂઆત કરતાં ૧૭ થાંભલા પરની લાઈટો નગરપાલિકા દ્વારા ચાલુ કરવામાં આવી હતી. ભવાનીનગરનો વિસ્તાર ઝૂંપડપટ્ટીનો વિસ્તાર છે. લોકો હવે વૉર્ડ બેઠકમાં રજૂઆત કરતા થયા છે અને નગરપાલિકામાં પણ રજૂઆત કરતા થયા છે. આને પરિણામે જ રસ્તા પરની લાઈટો ચાલુ થઈ છે.

### દલિતવાસ

વૉર્ડ નં-૭માં દલિતવાસ, જાદવવાસ અને બંદૂકિયા ફળી વિસ્તારમાં તા.૧૨.૮.૦૫ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે વૉર્ડ બેઠક મળી હતી. તેમાં ૫ મહિલાઓ સહિત ૨૫ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં આંબેડકર આવસ યોજના શું છે અને તેને માટે કેવી રીતે અરજી કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે દિવસમાં બે ટાઈમ પાણી આપવામાં આવે. ગટરની સફાઈ વિશે દેખરેખ રાખવાનું આ મીટિંગમાં નક્કી થયું હતું. લોકો રસ્તા ઉપર ગંદકી કરશે નહિ અને કચરો ફેંકશે નહિ એવું પણ નક્કી થયું હતું. પાણીની અછતના પ્રશ્ને નગરપાલિકામાં લેખિત રજૂઆત કરવાનું પણ નક્કી થયું હતું.

### વાઘરીવાસ

વોર્ડ નં-૨માં વાઘરીવાસમાં તા.૧૭.૮.૨૦૦૫ને બુધવારના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે વોર્ડ બેઠક મળી હતી. તેમાં ૫ મહિલાઓ સહિત ૨૦ નાગરિકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં શ્રી અંબાજી મહિલા બચત મંડળની કામગીરી વિશે પણ ચર્ચા થઈ હતી. બચતની પ્રવૃત્તિ અને લોન વિશે માહિતી આપવામાં આવી હતી. આ મંડળને મહિલા સભ્યો મારફતે નિયમિત રીતે તેમની બચત મળતી રહે તે માટે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જો કે, મોટા ભાગની સભ્ય બહેનો આ મહિલા બચત મંડળમાં નિયમિત રીતે પોતાની બચત જમા કરાવે છે અને તેથી જ આ બચત મંડળમાં આટલી મોટી રકમ જમા થઈ છે. આ બેઠકમાં સ્વ-સહાય માટે કેવી રીતે કોની પાસેથી લોન લઈ શકાય તેને વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ લોન કેવી રીતે મેળવવી તેનું પણ આયોજન આ બેઠકમાં વિચારવામાં આવ્યું હતું. પાણી અનિયમિત રીતે પ્રાપ્ત થાય છે એ આ વિસ્તારની એક અગત્યની સમસ્યા છે. તેને વિશે પછીથી નગરપાલિકામાં પાણી ખાતામાં રજૂઆત કરવામાં આવી હતી. હવે આ વિસ્તારને નિયમિત પાણી મળતું થયું છે. સફાઈની જાળવણીના સંદર્ભમાં નાગરિકોએ નક્કી કર્યું હતું કે તેઓ રસ્તા પર ગંદકી કરશે નહિ અને કચરો ફેંકશે નહિ.

**સ્વશાસન**

## શાસન એટલે શું?

કોઈ પણ સમાજમાં શાસન વ્યવસ્થા તો હોય જ. સમાજ ચલાવવા માટે રાજ્યની જરૂર છે. પણ સમાજમાં શાસનનું કામ માત્ર રાજ્ય ઉપર છોડી દઈ શકાય નહિ. જો એ કામ ફક્ત એની ઉપર છોડી દેવામાં આવે તો સમાજ રાજ્ય ઉપર જ આધાર રાખતો થઈ જાય. એટલે કોઈ પણ સમાજમાં રાજ્યની સાથે સાથે જે અન્ય કર્તાઓ છે તેમને ધ્યાનમાં લેવા પડે છે. સમાજમાં ત્રણ કર્તાઓ હોય છેઃ (૧) રાજ્ય. (૨) બજાર. (૩) નાગરિક સમાજ.

રાજ્ય અને બજાર, કે એકલું બજાર કે એકલું રાજ્ય નાગરિક સમાજ પર હાવી ન થવાં જોઈએ. એટલે કે એ બંને પર નાગરિકોનું નિયંત્રણ હોય અથવા નાગરિકો તેમાં વધુ ને વધુ ભાગીદાર થતા હોય એ સારી શાસન વ્યવસ્થા કહેવાય. એટલે કે ત્રણેય કર્તાઓની ભૂમિકા નક્કી કરવી પડે. રાજ્ય સત્તાને આધારે ટકે છે કારણ કે તેનું અસ્તિત્વ જ સત્તાને આધારે છે. જ્યારે બજારને નાણાંનો આધાર છે. આથી નાગરિક સમાજ સત્તા અને નાણાં બંનેની હિલચાલ પર પૂરતો અંકુશ ધરાવે તો તે શાસન વ્યવસ્થા નાગરિકોને મહત્ત્વ આપનારી કહેવાય.

સુશાસન અથવા સારો સમાજ એને કહેવાય કે જેમાં નાગરિકો જાહેર બાબતોમાં ભાગીદાર થઈ શકે અને તેઓ સૌના ભલામાં પોતાનું યોગદાન આપી શકે. લોકો પ્રતિભાવાત્મક અને સમાવેશી શાસનવાળો સમાજ ઈચ્છે છે. માત્ર ચૂંટણીના સમયે નહિ, પણ સતત અને નિયમિતપણે તેમની સાથે વિચાર-વિમર્શ થાય અને તેમને સાંભળવામાં આવે એમ નાગરિકો ઈચ્છે છે. તેમને મતથી વધુ કંઈક જોઈએ છે. તેઓ જાહેર સંસ્થાઓ અને અધિકારીઓ દ્વારા ઘડાતી નીતિઓ અને લેવાતા નિર્ણયોમાં સહભાગિતા અને સમાવેશ માગે છે.

આમ, શાસનનો અર્થ છે રાજ્ય અને બજાર બંનેમાં નાગરિકોની સક્રિય ભૂમિકા. નાગરિકો નિર્ણયો લેવાની પ્રક્રિયામાં ભાગીદાર થાય અને તેઓ એમ સમજે કે તેઓ પોતે જ પોતાના ઉપર શાસન કરી રહ્યા છે, બીજું કોઈ નહિ. સુશાસનની આ ખરી કસોટી છે. શાસન સરકારમાંથી જન્મે પણ એમાં નાગરિકો સતત અને સંપૂર્ણપણે ભાગીદાર બને. એટલે કે લોકશાહી સહભાગી બને અને સરકાર પ્રતિભાવાત્મક બને. નાગરિકોની ભાગીદારી વ્યક્તિગત રીતે પણ હોય અને સમૂહમાં તેમનાં જૂથ દ્વારા પણ હોય. મજૂર મંડળો, ગ્રાહક સુરક્ષા મંડળો, વેપારી મંડળો, બિન-સરકારી સંગઠનો વગેરે નાગરિકોનાં જૂથો છે કે જેઓ શાસનમાં નાગરિકોની સહભાગિતા વધારે છે.

શાસન વિશે મોટે ભાગે એમ સમજવામાં આવે છે કે દેશનું શાસન સંભાળવાની જવાબદારી સરકારની છે. એવી જ રીતે નગરનું શાસન સંભાળવાની જવાબદારી નગરપાલિકાની છે એમ સમજવામાં આવે છે. જો નગરપાલિકા સારી રીતે કામો કરે તો નગરમાં સુશાસન જન્મે. પણ નગરનું શાસન માત્ર નગરપાલિકા ઉપર છોડી દઈ શકાય નહિ. નાગરિકોએ તેમાં ભાગીદાર થવાની જવાબદારી પણ અદા કરવી પડે.

**સરકારી યોજના**

## ઈન્ડિયા ડેવલપમેન્ટ ફંડ

આ એક ખાનગી ઈક્વીટી ફંડ છે. તે ૧૦ વર્ષ માટે છે. ભારત સરકારના નાણાં મંત્રાલયના ટેકાથી તેની સ્થાપના કરવામાં આવી છે. આ વેન્ચર કેપિટલ ફંડ બજારમાં નહિ નોંધાયેલી કંપનીઓમાં રોકાણ કરવા માટે છે. આ કંપનીઓ ગ્રાનફીલ્ડ કે બ્રાઉનફીલ્ડ માળખાગત વિકાસની પરિયોજનાઓની કંપનીઓ હશે. આમાં વીજળી, ટેલિકોમ, રસ્તા, વિમાની મથકો, બંદરો, રેલવે શહેરી વિકાસ, ખેતી અને ગ્રામ વિકાસ સંબંધી માળખાગત સવલતો, પેટ્રોલિયમ ઉદ્યોગ અને ટેક્નોલોજીના માળખાનો વિકાસ વગેરે ક્ષેત્રોનો સમાવેશ કરાયો છે. IDFC દ્વારા આ ફંડનું સંચાલન થશે. તે ૧૦૦૦ કરોડ રૂ.નું ભંડોળ હશે. IDFC એ લગભગ ૯૦૦ કરોડ રૂ. ઊભા કર્યા છે. તેમાં મુખ્ય રોકાણકારો IDFC, SBI, LIC, યુનિયન બેંક, બેંક ઓફ બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, PNB, SIDBI અને GIC જેવી ભારતની નાણાં સંસ્થાઓ હશે. ૩૦ કરોડ રૂ.થી ૧૫૦ કરોડ રૂ. નું રોકાણ કરાશે અને તેમાં કોઈ કંપનીમાં ૧૫થી ૪૯ ટકા જેટલું રોકાણ કરાશે. ફંડ બોર્ડમાં સભ્ય હશે અને સંચાલન સમિતિઓમાં પણ સભ્ય હશે અને એ રીતે તે સક્રિય ભૂમિકા ભજવશે.

## લઘુ અને મધ્યમ સાહસ ફંડ

નાનાં અને મધ્યમ સાહસો માટે ખાસ આ ફંડની સ્થાપના કરવામાં આવી છે. આ ફંડ કેન્દ્ર સરકાર દ્વારા ૧.૪.૨૦૦૪થી શરૂ થયું છે. આ ફંડ માળખાગત સવલતોના ક્ષેત્ર સહિતનાં તમામ નાનાં અને મધ્યમ સાહસો માટે ભંડોળ પૂરું પાડે છે. બે વર્ષમાં તે માટેનાં નાણાંની વહેંચણી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) આ ફંડનું સંચાલન કરશે. તેની રકમ આરંભમાં રૂ. ૧૦,૦૦૦ કરોડ હશે.

સિડબી આંતરિક રીતે અને ધિરાણ મારફતે ૪૦૦૦ કરોડ રૂ. આપશે અને ૧૨૦૦ કરોડ રૂ. એવી વિદેશી બેંકો પાસેથી મેળવશે.બાકીનાં નાણાં વિવિધ સ્રોતોમાંથી મેળવવામાં આવશે. તેમાં પ્રાથમિકતા ક્ષેત્ર અને મૂડી લાભ બોન્ડ જારી કરવાનો, વિદેશી વ્યાપારી ધિરાણ મેળવવાનો અને બહુપક્ષીય સહાય મેળવવાનો સમાવેશ થાય છે. ૯.૫ ટકાના વ્યાજના દરે ધિરાણ આપશે. સિડબીનો પ્રાઈમ લેન્ડિંગ રેટ ૧૧.૫ ટકા છે. એટલે તેનાથી બે ટકા ઓછા વ્યાજના દરે ધિરાણ અપાશે.

## ઈન્ડિયા પાવર ફંડ

ફેબ્રુઆરી-૨૦૦૪માં પાવર ફાયનાન્સ કોર્પોરેશન (PFC) દ્વારા આ ફંડની શરૂઆત કરાઈ છે. મુખ્યત્વે વીજ ઉત્પાદન માટેની પરિયોજનાઓમાં ઈક્વીટી મૂડી તરીકે આ ફંડનો ઉપયોગ કરાશે. પણ વીજળીના ટ્રાન્સમિશન અને વિતરણને પણ ટેકો આપવામાં આવશે. IPFનું સંચાલન અલગ રીતે ટ્રસ્ટી કંપની અને એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા કરવામાં આવશે. આરંભની તેની રકમ રૂ. ૫૦૦ કરોડ છે. PFC સરકારની સાથે સાથે રૂ. ૨૦૦ કરોડની વીજ મૂડી આ ફંડ માટે આપશે. PFC બાકીની રકમ માટે IDBI, ICICI, IFCI, SBI, BOB વગેરે જેવી બેંકો અને નાણાં સંસ્થાઓ સાથે વાટાઘાટો ચલાવી રહી છે. ઉપરાંત, તે વિશ્વ બેંક અને એશિયન વિકાસ બેંક (ADB) સાથે પણ તે માટે મંત્રણા કરી રહી છે. ભારત સરકાર આ ફંડ માટે તેનો ફાળો ઊભો કરવા માટે બે પ્રકારના વિકલ્પો વિચારે છે. પ્રથમ વિકલ્પ વીજળી ઉપર સેસ નાખવાનો છે, અથવા તો તેલ, ગેસ, અને કોલસા ઉપર સેસ નખાય કે જે રીતે કેન્દ્રીય માર્ગ નિધિ (CRF) માટે સેસ નાખવામાં આવ્યો છે. તેમાં ગેસોલિન અને ડીઝલ ઉપર રસ્તા અને ધોરી માર્ગોના બાંધકામ માટે નાણાં ઊભાં કરવા સેસ નાખવામાં આવ્યો છે.

**આપણો કાયદો**

## ગુજરાત નગરપાલિકા ધારા-૧૯૬૩માં ૧૯૯૩નો સુધારો

૧૯૯૨માં ભારતની સંસદે ૭૪મો બંધારણ સુધારો પસાર કર્યો. આ સુધારાને લીધે નગરપાલિકાઓ બંધારણ હેઠળની સ્થાનિક સરકાર બની. ૭૪મો બંધારણ સુધારો થયા પછી દરેક રાજ્યે પોતાના નગરપાલિકાઓ અંગેના કાયદામાં સુધારા કરવા જરૂરી હતા. તેને પરિણામે ગુજરાત વિધાનસભાએ ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા ધારામાં સુધારા કર્યા. આ સુધારા કરતો ખરડો ૧૯૯૩માં પસાર કરાયો. આ સુધારા ખરડો તા. ૧૭-૮-૧૯૯૩ના ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રકાશિત થયો અને અમલમાં આવ્યો. આ સુધારા હેઠળ ગુજરાત નગરપાલિકા ધારામાં ૭૦ નાના-મોટા સુધારા કરવામાં આવ્યા છે. તેમાં કેટલીક કલમો રદ કરાઈ છે, કેટલીક ઉમેરાઈ છે, કેટલીક બદલાઈ છે અને કેટલીક કલમોમાં નાના ફેરફારો કરવામાં આવ્યા છે. ૧૯૯૩માં ગુજરાત નગરપાલિકા ધારામાં સુધારા કરાયા તે ૭૪મા બંધારણ સુધારાનો અમલ કરવા માટે કરાયા. પણ તે અગાઉ પણ આ કાયદામાં ૨૪ વખત સુધારા થઈ ચૂક્યા હતા અને ૧૯૯૩ના સુધારા પછી પણ બીજા ત્રણ સુધારા ૨૦૦૧ સુધીમાં કરાયા છે. આમ, આ કાયદામાં ૧૯૬૫થી ૨૦૦૧ સુધીમાં કુલ ૨૮ વખત સુધારા કરાયા છે. ૧૯૯૩ના સુધારાથી ૧૯૬૩ના કાયદામાં થયેલા ફેરફારો આ છે:

(૧) પાલિકાનું વસ્તી પ્રમાણે પાંચ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું.
(૨) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, પછાત વર્ગો અને મહિલાઓ માટે અનામત બેઠકોની વ્યવસ્થા થઈ. હોદ્દાઓમાં પણ અનામત દાખલ કરવામાં આવી.
(૩) તમામ નગરપાલિકાઓની ચૂંટણીની કામગીરી રાજ્ય ચૂંટણી પંચને સોંપવામાં આવી. દર પાંચ વર્ષે ચૂંટણી ફરજિયાત થઈ.
(૪) નગરપાલિકાની મુદત પાંચ વર્ષની જ રહે.
(૫) કાઉન્સિલરોની મુદત પણ પાંચ વર્ષની જ રહે. કોઈ કાઉન્સિલરની બેઠક ખાલી પડે તો છ માસના ગાળામાં ચૂંટણી થાય.
(૬) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓ નગરપાલિકાઓ તૈયાર કરે.
(૭) રાજ્ય સરકાર પાસેથી નગરપાલિકાઓને અનુદાન મળે તે માટે દર પાંચ વર્ષે રાજ્ય સરકાર એક નાણાં પંચની નિમણૂક કરે.


**વધુ માહિતી માટે સંપર્ક**

**ભીખાભાઈ પટેલ** (પ્રમુખ)
**બી. એમ. ઉપાધ્યાય** (ચીફ ઑફિસર)
**સાણંદ નગરપાલિકા**
નગરપાલિકા હૉસ્પિટલની સામે, સાણંદ. ફોન: ૦૨૭૧૨-૨૨૧૧૨

**નાગરિક સહયોગ કેન્દ્ર**
(ઉન્નતિ અને સાણંદ નગરપાલિકાનો સંયુક્ત પ્રયાસ)
સાણંદ નગરપાલિકા
નગરપાલિકા હૉસ્પિટલની સામે, સાણંદ. ફોન:૦૨૭૧૨-૨૨૧૧૨

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ફોન: (૦૭૯) ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬, ફેક્સ: ૨૬૭૪૩૭૫૨